**ભરૂચના મહે.લેબર કોર્ટ–નં.૨ ના ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**

**આંક– ૯**

**ફોજદારી કેસ નં.૪૫૨/૨૦૨૨.**

**ફરીયાદી**: **શ્રી એસ. આર. ઓઝા,**
સરકારી શ્રમ અધિકારી,ભરૂચ.

વિરૂધ્ધ

**આરોપી**: **શ્રી મહેન્દ્રસિંહ ગઢવી – પાર્ટનર,**
ઉદય ઈન્ફ્રા પ્રોજેકટસ,
સર્વે નં. ૩૩૭ / ૩૩૮, પ્લોટ નં.૩૧,
ગામ– બાકરોલ, પાનોલી પાસે, અંકલેશ્વર, ભરૂચ

**હાજર રહયા**: ફરીયાદી તરફે– **શ્રી એસ. આર. ઓઝા,**
સરકારી શ્રમ અધિકારી,ભરૂચ.

આરોપી તરફે– **સ્નેહલ રાણા, પ્રતિનિધિ**

**ગુન્હાની વિગત**: **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ (સુધારેલ–૧૯૯૫) ના નિયમ – ૯૫(૧) ની જોગવાઈનો ભંગ.**

**–: હુકમ :–**

૧. હાલના ફરીયાદીના કેસની ટૂંકમાં હકીકત છે કે,ફરીયાદી પોતે પોતાની હોદ્દાની રૂએ ફરજ પર હતા ત્યારે આરોપીની ઉપરોકત નામવાળી સંસ્થામાં **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ (સુધારેલ–૧૯૯૫) ના નિયમ – ૯૫(૧) ની જોગવાઈનો ભંગ** બાબતની આંક –૧ વાળી ફરીયાદ અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે. જે અંગે અત્રેની અદાલતે આરોપીને સમન્સ પાઠવતા આરોપી જાતે અત્રેની અદાલત સમક્ષ નામ. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરોટીના હુકમ મુજબના સ્પેશિયલ સીટીંગ ઓફ મેજિસ્ટ્રેટમાં હાજર રહેલ છે.

૨. આરોપી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, અમોને અમારો ગુનો કબુલ છે. આ અમારો પ્રથમ ગુનો છે. અજાણતા અમારી ભુલ થયેલ છે. અમો નોકરીયાત વર્ગના અને કુટુંબ કબીલાવાળા માણસ છીએ. કુટુંબની જવાબદારી અમારા શીરે હોય, હળવી સજા કરવા નમ્ર અરજ છે.

૩. આમ, આરોપીએ સ્વેચ્છાએ ગુનો આંક–૭ ની પ્લીથી કબુલ કરેલ છે. તેમજ ગુન્હા બદલ હદયપુર્વક પસ્તાવો વ્યકત કરે છે. તે હકીકત તેમજ આંક–૮ થી કબુલાત પુરસીસમાં જણાવેલ કારણોસર આરોપીનો આ પ્રથમ ગુનો હોય, સ્વૈચ્છિક કબુલાત સ્વિકારી, ગુનો સાબીત માની, ગુજરાત રાજયની નામદાર વડી અદાલત દ્વારા ગુજરાત રાજય વિરૂઘ્ધ નટવરલાલ હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ ના કેસમાં સ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા હળવી સજા કરવાપાત્ર હાલનો કેસ યોગ્ય જણાય છે. આથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવો ઉચિત જણાય છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપીને આજરોજના નામ. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરોટીના હુકમ મુજબના સ્પેશિયલ સીટીગ ઓફ મેજિસ્ટ્રેટમાં **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ (સુધારેલ–૧૯૯૫) ના નિયમ – ૯૫(૧) ની જોગવાઈનો ભંગ** તથા તે અન્વયેના નિયમના ભંગ બદલના ગુન્હા સબબ કિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી **રૂા.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડ ન ભરે તો વધુ ૩(ત્રણ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ આજરોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૧.૦૨.૨૦૨૩

**એફ.એફ.બારડોલીવાલા**
ન્યાયાધીશ,

લેબર કોર્ટ ભરૂચ

પટેલ–સ્ટેનો